


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-38 ■ તા. 12-09-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# દેશ પર રોજગારીને લઈને મોટું સંકટ

**ગુજરાતમાં ફોર્ડ કંપનીએ તેની અહીંની કંપની બંધ કરતા કામદારો બેરોજગાર બનશે એ જ નહીં દેશની ૪૦૦૦ કંપનીઓ બંધ થવાને આરે છે દેશમાં હજારો નોકરીઓ પર તવાઈ છે**

નવી દિલ્હી ,તા.૦૧૧

દેશમાં કોરોના બાદ અનેક કંપનીઓ, કારખાનાઓ, સિનેમાઘરો, નાના મોટા વેપીરીઓ ઉઠી ગયા છે લોકો હેરાન પરેશાન થઈ ગયા છે મંદીનો માહોલ છે ત્યારે તે કંપનીઓ કારખાનાઓમાં કામ કરતા હજારો કર્મચારીઓ બેરોજગાર બન્યા છે એવામાં ગુજરાતના સાણંદ સ્થિત ફોર્ડની વિદાયથી ઘણા ભાગો ઉત્પાદક કંપનીઓને પણ અસર થશે. નાણાકીય સલાહકાર આનંદ શ્રીનિવાસને જણાવ્યું હતું કે જેમ શ્રીપેરુમ્બુદુરમાં ઈકોસિસ્ટમ હ્યુન્ડાઈને ટેકો આપે છે, તેમ મરાઈમલાઈ નગરમાં ફોર્ડને ટેકો આપવા માટે ઈકોસિસ્ટમ છે. આ નાની અને મધ્યમ કંપનીઓ છે જેમણે પ્લાન્ટ્સ અને મશીનરીમાં રોકાણ કર્યું છે. ફોર્ડ સારું પ્રદર્શન કરશે અને કંપનીઓને સપ્લાય કરશે તેવી આશાએ તેણે પૈસા ઉધાર લીધા હતા.થિરુમાઝિસાઇ ઔદ્યોગિક વસાહત સચિવ આર.જી. ચક્રપાણીએ જણાવ્યું હતું કે ફોર્ડના કર્મચારીઓ માટે નવી નોકરી શોધવી મુશ્કેલ બનશે. આ એસ્ટેટમાં લગભગ ૨૭૫ ભાગ ઉત્પાદન કંપનીઓ છે. દેશભરમાં ૪૦૦ શોરૂમના હજારો કર્મચારીઓ પર રોજગારીનું સંકટ ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (એફએડીએ)ના જણાવ્યા અનુસાર ફોર્ડના ભારતમાં લગભગ ૧૭૦ ડીલર ભાગીદારો છે જે દેશભરમાં ૪૦૦ શોરૂમ ચલાવે છે તેમાં હજારો કર્મચારીઓ કામ કરે છે. આમાંના ઘણા ડીલર્સ ૫ મહિના પહેલા ફોર્ડ સાથે સંકળાયેલા હતા. તેમણે શોરૂમ બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચ્યા હતા પરંતુ અમેરિકન કંપનીની વિદાયથી તેમનું રોકાણ બરબાદ થઈ જશે. ફોર્ડની જાહેરાત બાદ ઘણા ડીલરોએ તેમના કર્મચારીઓની છટણી પણ શરૂ કરી દીધી છે.

એમએસએમઈ (એમએસએમઈ) ઉદ્યોગ સંસ્થાઓનું કહેવું છે કે ફોર્ડની વિદાયથી ઘણા નાના સપ્લાયર્સને અસર થશે. આ હજારો નોકરીઓ પર જોખમની તલવાર લટકી રહ્યું છે. છેલ્લા ૪ વર્ષમાં અમેરિકાની ૩ ઓટો કંપનીઓએ ભારત સાથે પોતાનો બિઝનેસ બંધ કરી દીધી છે. આ પહેલા જનરલ મોટર્સ (જનરલ મોટર્સ) અને હાર્લી ડેવિડસન (હાર્લી ડેવિડસન) પણ ભારતને વિદાય આપી ચૂક્યા છે. કન્સોર્ટિયમ ઓફ ઇન્ડિયન એસોસિએશન્સ (કન્સોર્ટિયમ ઓફ ઇન્ડિયન એસોસિએશન્સ)ના કન્વીનર કે.ઇ.રઘુનાથને જણાવ્યું હતું કે ફોર્ડ માત્ર બંધ જ નથી થઈ રહ્યો પરંતુ ૪,૦૦૦થી વધુ નાની કંપનીઓ બંધ થઈ રહી છે. આખો સમુદાય તે વિસ્તાર સાથે જોડાયેલો છે જ્યાં ફોર્ડના ચેન્નાઈમાં બે પ્લાન્ટ છે. આનાથી હજારો લોકોને પરોક્ષ નોકરીઓ આપવામાં આવી છે. જોકે ફોર્ડ ઇન્ડિયાએ ઈટીને જણાવ્યું હતું કે તે તેના ડીલરોની સંપૂર્ણ સંભાળ લઈ રહી છે. ડીલર્સનો ધંધો સેવા, વોરંટી અને પાર્ટ્સના વેચાણ દ્વારા ચાલુ રહેશે. ઈટી ઈમેઈલના જવાબમાં ફોર્ડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તે આગામી ૯૦ દિવસમાં તેમના વ્યવસાયને વેચાણ અને સેવામાંથી પાર્ટ્સ અને સર્વિસ સપોર્ટમાં રૂપાંતરિત કરવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપશે અને ત્યારબાદ દરેક સાથે વ્યક્તિગત ચર્ચા કરશે. ડીલર્સનું કહેવું છે કે તેમને અચાનક સસ્તી કારમાંથી મોંઘી કાર વેચવી પડશે. અત્યાર સુધી તેના કાફલામાં સૌથી મોંઘી કાર એન્ડેવર હતી જે હવે ભારતમાં ફોર્ડના પોર્ટફોલિયોમાં સૌથી સસ્તી કાર હશે. ૪૭ લાખ આયાત પર. ડીલર્સ મેટ્રો શહેરોમાં કામ કરી શકે છે પરંતુ નાના શહેરોમાં મોંઘી કાર વેચવી એ વ્યવહારુ વિકલ્પ નથી. એક વેપારીએ જણાવ્યું હતું કે ફોર્ડ પણ જીએમ ના માર્ગ પર જઈ રહ્યો છે. કંપની એક અઠવાડિયા પહેલા સુધી નવા લોન્ચની વાત કરી રહી હતી.

## વડાપ્રધાનને ભેટમાં મળેલી ચીજવસ્તુની ઓનલાઈન હરાજી

નવી દિલ્હી ,તા.૦૧૧

વડાપ્રધાનની ચીજવસ્તુઓ ઓનલાઈન વેચવાના આયોજનના ભાગરૂપે પ્રદેશ ભાજપ તરફથી તમામ જિલ્લા સંગઠન માળખાને અને તાલુકા કક્ષાએ પણ ખાસ પરિપત્ર મોકલીને હરાજીના ઓનલાઈન રજીસ્ટ્રેશનમા વધુમાં વધુ લોકો ભાગ લે તે માટે પ્રયાસો કરવા અત્યારથી જ લાગી જવા જણાવાયું છે. https://pmmementos.gov.in ના માધ્યમથી જાહેર હરાજી કરવામાં આવશે અને તેમાં એકત્ર થયેલી રકમ નમામિ ગંગે પરિયોજનામાં સાર્વજનિક રીતે આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. કે થોડા વર્ષો અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શૂટની હરાજી કરવામાં આવી હતી અને તેમાં દસ લાખ રૂપિયા પ્રાપ્ત થયા હતા સુરતના એક ઉદ્યોગપતિએ આ શુટની ખરીદી કરી હતી અને હવે અન્ય ચીજવસ્તુઓની ઓનલાઇન હરાજી આગામી તારીખ ૧૭ થી શરૂ થવાની છે.આગામી તારીખ ૧૭ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે અને તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૭ ઓક્ટોબર ૨૦૦૧માં જવાબદારી સંભાળી હતી. વહીવટી નેતૃત્વના ૨૦ વર્ષ પુરા થતા હોવાથી તારીખ ૧૭ સપ્ટેમ્બરથી તા. સાત ઓક્ટોબર સુધી દેશવ્યાપી ઉજવણીના અને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જુદા જુદા કાર્યક્રમોમાં મળેલા ઉપહાર, સ્મૃતિ ચિન્હો, મોમેન્ટો વગેરેનું જાહેર હરાજીથી વેચાણનો કાર્યક્રમ તારીખ ૧૭ થી સપ્ટેમ્બરથી તારીખ સાત ઓક્ટોબર સુધી ઓનલાઇન યોજવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.

## માહિતી ખાતાની પરીક્ષામાં ડેડલાઈન ૪ ઓગસ્ટ નિયત થતાં અનેક ઉમેદવારો ગેરલાયક ઠરશે

અમદાવાદ,તા.૧૧

કોરોનાના કારણે મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરાયા નહોતા અને ૦ ઓગસ્ટના રોજ મુખ્ય પરીક્ષામાં બેસવા લાયક ઉમેદવારોની યાદી જાહેર કરી દેવામાં આવી હતી. આ પરીક્ષામાં પત્રકારત્વનો અભ્યાસ કરતાં અનેક ઉમેદવારો ઉપસ્થિત રહ્યાં હતા પરંતુ તેમના હાથમાં છેલ્લા સેમ.ની માર્કશીટ આવી નથી અને આવી છે તો તેની તારીખ ૦૪ ઓગસ્ટ પછીની છે. જેથી પરીક્ષા સમિતીએ પરિણામની તારીખોમાં છુટછાટ નહી આપે તો અનેક ઉમેદવારોને અન્યાય થશે. કારણ કે, જાહેરનામાના નિયમ ૭માં એવી સ્પષ્ટતા કરી છે કે, લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટરની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે. પરંતુ જેનું પરિણામ પ્રસિદ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.ગુજરાતમાં માહિતી ખાતા દ્વારા તાજેતરમાં વર્ગ-૧, ૨ અને ૩ની મુખ્ય પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ પરીક્ષા આપી છે. આ ભરતીમાં શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની તારીખને લઈ મુખ્ય પરીક્ષા આપનાર અનેક ઉમેદવારો ડોક્યુમેન્ટ્સ વેરિફિકેશન દરમિયાન ગેરલાયક ઠરશે તેવી ચર્ચા થઈ રહી છે. કારણ કે, આ પરીક્ષામાં પત્રકારત્વના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં ઉમેદવારોએ પણ ભાગ લીધો હતો અને તેની છુટછાટ પણ આપવામાં આવી હતી.

પરંતુ જાહેરાતમાં એવી જોગવાઈ હતી કે, મુખ્ય પરીક્ષાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઈએ. મુખ્ય પરીક્ષાના ઉમેદવારોની યાદી ૦૪ ઓગસ્ટે જાહેર થઈ હતી. જેથી માહિતી ખાતુ ૦૪ ઓગસ્ટને જ પ્રમાણપત્રની ડેડલાઈન ગણશે તો અનેક ઉમેદવારોને અન્યાય થશે કારણ કે, આ સમય મર્યાદામા મોટાભાગની યુનિ.ના છેલ્લા સેમ.ના પરિણામ જાહેર થયા ન હોવાનું ઉમેદવારો જણાવી રહ્યાં છે.

## મુખ્યમંત્રી વિજય રૂપાણીનું રાજીનામું



ગાંધીનગર,તા.૧૧

આજે એકાએક વિજય રૂપાણી ગુજરાત સરકારના ટોચના અન્ય મંત્રી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, સંસદીય મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે રાષ્ટ્રીય ભાજપ રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ રાજભવન પહોંચ્યા હતા અને આચાર્ય દેવવ્રતને રાજીનામું આપ્યું છે. ગુજરાતના રાજકરણમાં એકાએક નવા જુનીના એંધાણ છે. મુખ્યમંત્રી પદેથી વિજય રૂપાણીએ એકાએક રાજીનામું આપ્યું છે. રૂપાણીએ રાજભવન ખાતે મીડિયાને સંબોધન કરતા કહ્યું કે હું ભાજપ ટોચના મોવળી મંડળનો આ જવાબદારી બદલ આભાર વ્યક્ત કરૂં છું. મેં મુખ્યમંત્રી તરીકે તમામ દાયિત્વ નિભાવ્યા છે. મારા કાર્યકાળમાં ગુજરાતને વિકાસના નવા પંથે આગળ વધાર્યું હતુ. પૂર્વ મુખ્યમંત્રીએ રૂપાણીએ કહ્યું કે આ રાજીનામું મારી રાજીખુશીથી આપ્યું છે. મારી પાસે આ રાજીનામું માંગવામાં નથી આવ્યું. મારા અને સંગઠન વચ્ચે કોઈ ટકરાવ નથી. હું ભાજપનો જ માણસ છું અને કાર્યકર્તા તરીકે આગળ કામ વધારીશ. રૂપાણીએ પ્રેસ વાર્તા દરમિયાન ટકોર કરતા કહ્યું કે ગુજરાતમાં સરકાર રૂપાણી કે કોઈ અન્ય નથી ચલાવતું. દરેક ચૂંટણી અને કાર્ય નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ જ લડાઈ છે. સરકાર રૂપાણી કે કોઈ અન્યની નથી મોદીના નેતૃત્વ હેઠળ જ બધું ચાલી રહ્યું છે. દેશ તો મોદીનો જ છે, તેમ રૂપાણીએ ઉમેર્યું હતુ. જોકે એકાએક રાજીનામાનું કારણ આપવાનું રૂપાણી સહિતના ટોચના નેતાઓ ટાળ્યું હતુ. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે હું સીએમ પદનો દાવેદાર નથી. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે આ નિર્ણય વિચારવિમર્શથી લેવામાં આવ્યો છે. કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ કહ્યું કે આગામી રણનીતિ એકાદ દિવસમાં નક્કી થશે. આવતીકાલ સાંજ સુધી સ્થિતિ સ્પષ્ટ થશે. આજે મોડી સાંજે કે કાલે સવારે ધારાસભ્યોની બેઠક બોલાવીને નવા મુખ્યમંત્રી અંગે ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુરુવારે રાતે લગભગ ૮ વાગે એકાએક અમદાવાદ આવી પહોંચ્યા હતા, રાતે તેઓ પારિવારિક કામ અર્થે તેમના બહેન ના ત્યાં ગયા હતા, ત્યારબાદ આજે સવારે રવાના થઈ ગયા હતા, સામાન્ય રીતે પરિવાર ના કામ માટે અમિત શાહ થોડા સમય માટે પણ અમદાવાદ વારંવાર આવતા હોય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું અમદાવાદ એરપોર્ટ પર રાજ્ય ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજા, મેયર કિરીટ પરમાર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે સ્વાગત કર્યું હતું.તેમના સ્વાગત માટે શહેર ભાજપના નેતાઓ પણ હાજર રહ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ ગુજરાત આવ્યા બાદ રાજ્યમાં ભાજપની હલચલ તેજ થયેલી જોવા મળી હતી. કમલમ ખાતે બંધબારણે રાષ્ટ્રીય નેતાઓ સાથે ગુજરાત ભાજપ પ્રમુખ સી આર પાટીલની બેઠક ચાલી રહી છે. જ્યારે બેઠકમાં અન્ય ચાર મહામંત્રી પણ બેઠકમાં હાજર રહ્યા છે. બેઠકમાં ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ હાજર છે.સંવત્સરીના બીજા જ દિવસે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજીનામું આપીને સહુ કોઈને ચોંકાવી દીધા છે. આનાપગલે ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી વહેલી યોજાય તેવી પણ અટકળો ચાલી રહી છે. આજે રૂપાણી સાથે ભાજપના પ્રદેશ તથા રાષ્ટ્રીય સ્તરના નેતાઓ પહોંચ્યા હતા અને કમલમ ખાતે બેઠકોનો દોર શરૂ કર્યો છે. જ્યારે અમદાવાદમાં વૈષ્ણોવદેવી સર્કલ સ્થિત સરદારભવનના લોકાર્પણ બાદ રૂપાણી સીધા રાજભવન પહોંચ્યા છે. રૂપાણી ત્યાંથી મીડિયાને બ્રીફિંગ કરીને રાજીનામું આપવાની ઘોષણા કરી છે. દરમિયાન કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ કહ્યું હતું કે, ૨૪ કલાકમાં ચિત્ર સ્પષ્ટ થશે.

## અમેરિકામાં ફરી કોરોનાએ માથું ઉચક્ય

### અમેરિકામાં સ્કૂલો ખૂલતાં જ છેલ્લા સાત દિવસમાં ૨.૫૦ લાખથી વધુ બાળકો કોરોનાની ઝપેટમાં

વોશિંગ્ટન , તા.૧૧

અમેરિકામાં કોરોનાની સ્થિતિ વકરતાં પ્રમુખ બાઈડેને કોરોના સામેની લડાઈમાં બાકીના અમરિકનોને પણ રસી લગાવવાનું અભિયાન શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે કેન્દ્રીય કર્મચારીઓ માટે રસી લેવાનું ફરજિયાત કરાયું છે. વધુમાં ૧૦૦થી વધુ કર્મચારીઓ ધરાવતી કંપનીઓના કર્મચારીઓ માટે પણ રસી લેવાનું ફરજિયાત કરાયું છે. કર્મચારીઓને રસી લેવા માટે ૭૫ દિવસનો સમય અપાયો છે. આ સમયમાં તેઓ રસી નહી લે તો તેમણે નોકરી ગુમાવવી પડી શકે છે. અન્યથા દર સપ્તાહે તેમની કોરોના તપાસ થશે. વિમાનમાં પ્રવાસ દરમિયાન યોગ્ય રીતે માસ્ક નહી પહેરનારા પર દંડ બમણો કરી દેવાયો છે. વર્તમાન દંડ ૨૫૦થી ૧૫૦૦ ડોલરનો છે, જે વધારીને ૩,૦૦૦ ડોલર સુધીનો કરાયો છે. ખાનગી કંપનીના કર્મચારીઓ માટે પણ રસી ફરજિયાત કરાઈ છે. રસી નહીં લેનારા કર્મચારીઓને ૧૪,૦૦૦ ડોલરનો દંડ કરવાની જોગવાઈ કરાઈ છે.અમેરિકામાં અમેરિકન પ્રમુખ જો બાઈડેને જુલાઈમાં વ્હાઈટ હાઉસમાં સમારંભ યોજી કોરોનાથી આઝાદીનો ઉત્સવ ઉજવ્યો હતો અને ઑગસ્ટ સુધીમાં દેશને કોરોનાથી મુક્તિ મળી જશે તેવી આશા વ્યક્ત કરી હતી, પરંતુ અમેરિકાની આ આશા ઠગારી નીવડી છે. અમેરિકામાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટે માથું ઊંચકતા કેટલાક દિવસથી દૈનિક સરેરાશ દોઢ લાખથી વધુ કેસ આવી રહ્યા છે અને અંદાજે ૧,૫૦૦ લોકો મોતને ભેટી રહ્યા છે. એવામાં અમેરિકા ફરી પાછું કોરોનાની ભયાનક સ્થિતિમાં પહોંચી ગયું છે. વધુમાં અમેરિકામાં સ્કૂલો ખૂલતાં જ છેલ્લા સાત દિવસમાં ૨.૫૦ લાખથી વધુ બાળકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. અમેરિકામાં કેટલીક જગ્યાઓ પર કોરોનાથી થતાં મોતના આંકડા આખી મહામારી દરમિયાન હાલમાં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. કોરોનાના કેસ ઘટતાં એક સમયે શરૂ થયેલી સ્કૂલો ફરી બંધ થવા લાગી છે. માસ્ક અને રસીની જરૂરિયાતો અંગે કાયદાકીય લડાઈ અને હિંસા શરૂ થઈ ગઈ છે. એક સમયે કોરોનાના કેસ ઘટતાં નિયંત્રણોમાં ભારે છૂટછાટ આપનારા બાઈડેન તંત્રે નવા નિયંત્રણોની જાહેરાત કરવી પડી છે, જેમાં રસીકરણ અને માસ્કને ફરજિયાત બનાવવાનો સમાવેશ થાય છે. અમેરિકામાં કોરોનાના નવા ૧.૬૦ લાખથી વધુ કેસ આવ્યા હતા અને વધુ ૨,૦૦૦ જેટલા લોકોનાં મોત નીપજ્યાં હતા. આ સાથે અમેરિકામાં કોરોનાના કુલ કેસ ૪.૧૫ કરોડને પાર થઈ ગયા છે અને એક્ટિવ કેસની સંખ્યા પણ વધીને ૯૧.૪૧ લાખને પાર થઈ ગઈ છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૬.૭૪ લાખથી વધુ થયો છે. એક અંદાજ મુજબ ૧લી ડિસેમ્બર સુધીમાં અમેરિકામાં મૃત્યુઆંક ૭.૫ લાખથી વધુ થઈ શકે છે. જુલાઈમાં પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં સમારંભ યોજી કોરોનાથી મુક્તિનો ઉત્સવ ઊજવ્યો હતો, પરંતુ થોડાક જ સમયમાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટે દેશને ફરીથી કોરોનાના અજગર ભરડામાં ધકેલી દીધો. આખા જૂન મહિનામાં કોરોનાના અંદાજે ચાર લાખ કેસ સામે આવ્યા હતા જ્યારે ઑગસ્ટમાં આ આંકડો ૪૨ લાખને પાર પહોંચી ગયો. આ સમય દરમિયાન ૨૬,૮૦૦ લોકોનાં મોત થઈ ગયા હતા. ડેલ્ટા વેરિઅન્ટથી પહેલાની સરખામણીમાં નાની વયના લોકોના મોતનું પ્રમાણ વધ્યું છે. વધુમાં અમેરિકન એકેડમી ઓફ પીડિયાટ્રિક્સ એન્ડ ધ ચિલ્ડ્રન હોસ્પિટલ એસોસિએશનના તાજા સાપ્તાહિક રિપોર્ટ મુજબ અમેરિકામાં સ્કૂલો ખૂલ્યા પછી છેલ્લા એક સપ્તાહમાં ૨.૫૦ લાખથી વધુ બાળકો કોરોનાની ઝપટમાં આવી ગયા છે અને દેશમાં અત્યાર સુધીમાં કોરોના સંક્રમિત કુલ બાળકોની સંખ્યા ૫૦ લાખને પાર થઈ ગઈ છે. છેલ્લા એક મહિનામાં ૭.૫૦ લાખથી વધુ બાળકો કોરોનાથી સંક્રમિત થયા છે. વેસ્ટ વર્જિનિયાના સ્વાસ્થ્ય અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં હોસ્પિટલોની બેડ ભરાઈ ગઈ છે.

## ગાંધીનગરમાં સિઝનનો ૪૯ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૧૧

જિલ્લામાં વરસાદની સરેરાશ એવરેજ ૭૬૫ એમએમ છે જેની સામે અત્યાર સુધી ૩૭૫ એમએમ વરસાદ થયો છે. દહેગામ તાલુકામાં એવરેજ ૮૦૬મીમી વરસાદ પડે છે જેમાં અત્યારસુધી ૨૭૬ મીમી વરસાદ પડ્યો છે અને ટકાવારી ૩૪.૨૪ છે. જ્યારે ગાંધીનગરમાં એવરેજ ૭૧૫ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધીમાં ૨૩૯ મીમી વરસાદ પડ્યો છે અને ટકાવારી ૩૩.૪૨ રહી છે આ ઉપરાંત કલોલમાં ૭૮૨મીમી વરસાદ પડે છે. જેમાંથી અત્યારસુધી ૪૨૨ મીમી વરસાદ અને ટકાવારી ૫૩.૯૬ છે માણસામાં ૮૦૦ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધી ૪૨૮મીમી વરસાદ અને ટકાવારી ૫૩.૦૫ થઈ છે ગાંધીનગર જિલ્લામાં એવરેજ ૭૬૫ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધી ૩૭૫ મીમી વરસાદ અને ટકાવારી ૪૯.૦૧ રહી છે.ગાંધીનગરમાં બે દિવસથી જિલ્લામાં સારો વરસાદ નોંધાતા નાગરિકો અને ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. ગાંધીનગરમાં ગુરૂવારે સવારે ૬ વાગ્યાથી શુક્રવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ પોણા ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. દહેગામમાં ૩.૩૬ ઈંચ, ગાંધીનગરમાં શહેરમાં એક ઈંચ, કલોલમાં દોઢ ઈંચ તથા માણસામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદથી ગાંધીનગરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. તો ખેડૂતોના પાકને જીવનદાન મળી ગયું છે. ગાંધીનગરમાં જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૪૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

## રાજ્યના ૧૮૩ તાલુકામાં મેઘમહેર : હજુ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૧૧

ગણેશ મહોત્સવની શરૂઆત સાથે જ શહેરમાં વીજળીના કડાકા-ભડાકા વચ્ચે મેઘરાજાએ એન્ટ્રી મારી હતી અને ૧૬ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે સૂસવાટા પવન સાથે ધમાકેદાર પધરામણી થઈ હતી. રાતે ગણતરીના બે કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો હતા. જે સાથે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. હજૂ આગામી બે દિવસ ભારે વરસાદ પડશે તેવી હવામાન ખાતાએ આગાહી કરેલી છે. વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં સૌથી વધુ વરસાદ ખાબક્યો હતો. રાતના ૧૦ કલાક સુધીના વરસાદની વાત કરીએ તો પાદરા પંથકમાં ચાર ઈંચ વરસાદ પડયો હતો. જ્યારે વાઘોડિયા તાલુકામાં પોણો ઈંચ, સાવલીમાં ૫ મિમી અને શિનોરમાં ૫ મિમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ડભોઈ અને કરજણ પંથકમાં અમી છાંટણા વરસ્યા હતા. નાગરવાડા નવીધરતી, વોર્ડ નં.૮ની કચેરી પાસે, નાગરવાડા ત્રણ રસ્તા, માંજલપુર ગામથી મંગલેશ્વર સ્મશાન સુધીના રોડ પર, લાલબાગ બ્રીજ નીચે, કાશીવિશ્વનાથ મંદિરની સામે, ચાર દરવાજા વિસ્તાર, સંતકબિર રોડ, બહૂચરાજી રોડ, કારેલીબાગ વુડા સર્કલ પાસે, સમા ગામ પાસે, સમતા મેદાન જવાના રોડ પર, લક્ષ્મીપુરાથી ન્યૂ અલકાપુરી જવાના રોડ પર, ગોત્રી હોસ્પિટલની સામે, ફતેગંજ બ્રીજ નીચે, વાઘોડિયા રોડ મહાવીર હોલ ચાર રસ્તા પાસે, જૂના પાદરા રોડ મનિષા ચોકડી પાસે, કલાલી બ્રીજ નીચે, મકરપુરા હજીરાથી દંતેશ્વર રોડ પર, તરસાલી બાયપાસ પર, જામ્બુવા ગામ જવાના રોડ પર, દાંડિયા બજાર રોડ પર, ગોત્રી તળાવથી ભેલ ટાઉનશીપ તરફના રોડ પર, વોર્ડ નં.૧૧ની કચેરી પાસે, જૂની પ્રીયા સિનેમાથી અક્ષર પેવેલિયન થઈને નિલાંબર સર્કલ તરફના રોડ પર તેમજ અન્ય જગ્યાઓ પર પાણી ભરાઈ ગયા હતા. જોકે, બાદમાં પાણી ઉતરવા લાગ્યા હતા. આ અંગે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા જણાવે છે કે, અત્યાર સુધી ૧૫,૦૦૦થી વધુ લોકોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ જવાની સાથો-સાથ બોમ્બે, જયપુર, દિલ્હી ઉપરાંત દુબઈ, યુકેથી પણ ડેલિગેશન એક્ઝિબિશનમાં હાજરી આપવા માટે આવવાના છે. ૨૦૦૦ મીટર જગ્યામાં સુરતના ૧૨૫ વીવર્સ-નીટર્સ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. જ્યારે આ એક્ઝિબિશનના કો-ચેરમેન આકાશ ભાદાણી અને દીપપ્રકાશ અગ્રવાલ જણાવે છે કે, સુરતમાં તૈયાર થતું કાપડ ઓસ્ટ્રેલિયામાં ઘર બનાવતાં પૂર્વે જીઓ ટેક્સટાઈલ સેગમેન્ટમાં પણ ઉપયોગ થઈ રહ્યું છે. આવી વિવિધ માર્કેટને અનુરુપ વેરાયટીઝ આ એક્ઝિબિશનમાં પ્રર્દશિત થશે.રાજ્યમાં ગણેશ મહોત્સવની શરૂઆત સાથે જ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. ગુજરાતમાં આગામી ૫ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં ભારે વરસાદની સંભાવના સેવવામાં આવી છે.

# તંત્રી લેખ

## ગુજરાતના નવા સીએમ કોણ હોઈ શકે....

વિજય રૂપાણી રાજીનામું આપવા ગાંધીનગર રાજભવન ગયા અને તેમણે રાજીનામાંની જાહેરાત કરી ત્યારે માંડવિયા ઉપરાંત રુપાલા પણ તેમની સાથે હાજર હતા. જો કે રૂપાલા પણ મજબુત ચહેરો છે. સૌરાષ્ટ્રમાં તેની સ્વિકાર્યતા ખુબ જ વધારે છે. ગત્ત વિધાનસભા ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં ભાજપને ખુબ જ મોટુ નુકસાન થયું હતું. આ ગાબડુ પુરવા માટે રૂપાલા સંજીવની જડીબુટ્ટી સમાન કામ કરી શકે છે. તો બીજીતરફ ગુજરાત ભાજપ સંગઠનમાં પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયાનું કદ સતત વધી રહ્યું છે અને તેને જોતાં પાટીદાર સમાજમાંથી રુપાલા અથવા ઝડફિયામાંથી કોઈ એકને પણ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. જો કે માંડવીયાની સામે આ તમામ ફેક્ટર વામણા સાબિત થાય છે. પરંતુ ભાજપની ફિતરત પણ ચોંકાવનારા નિર્ણયો લેવાની રહી છે તેથી જ્યાં સુધી જાહેરાત થાય ત્યાં સુધી તો માત્ર અટકળો જ ચાલશે. ગુજરાતના મુખ્યમંત્રીપદેથી વિજય રૂપાણીએ અચાનક આપી દીધેલા રાજીનામાં બાદ ગુજરાતના રાજકારણમાં ભારે ઉથલ પાથલ જોવા મળી રહી છે. હવે શું થશે અને ગુજરાતનો નાથ કોણ બનશે તે મુદ્દો હાલ સમગ્ર ગુજરાતમાં સૌથી વધારે ચર્ચાનો મુદ્દો છે. જો કે કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ પાટીદાર નેતા પરસોતમ રૂપાલાએ સ્પષ્ટતાથી જણાવ્યું કે, આવતીકાલ સવાર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સરદારધામમાં થયેલા કાર્યક્રમ બાદ જે રીતે ઘટનાઓ બની તેને જોતાં પાટીદારોના હાથમાં ફરી એકવાર ગુજરાતની કમાન સોંપાય તે લગભગ નક્કી છે. સુત્રો અનુસાર કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા ગુજરાતના આગામી મુખ્યમંત્રી બને તેવી મહત્તમ શક્યતાઓ છે. ઉપરાંત પૂર્વ ગૃહરાજ્યમંત્રી ગોરધન ઝડફિયા અને પરસોત્તમ રૂપાલાના નામોની પણ ચર્ચા ચાલી રહી છે. જો કે સૌથી વધારે ચર્ચા મનસુખ માંડવિયાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે જ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અમદાવાદમાં સરદારધામ ભવનનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે જ વડાપ્રધાન મોદીએ સરદારધામ ફેઝ-૨ ગર્લ્સ હોસ્ટેલનું ભૂમિપૂજન પણ કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને સંબોધન કરતાં કહ્યું હતું કે, કોઈપણ શુભ કાર્ય પહેલાં આપણે ત્યાં ગણેશ પૂજાની પરંપરા છે. સદભાગ્યે ગણેશ ઉત્સવના પવિત્ર તહેવારના અવસરે સરદારધામ ભવનનું ઉદઘાટન પણ થયું છે. તદુપરાંત પાટીદાર સમુદાયે વેપારક્ષેત્રે દેશને હંમેશાં નવી ઓળખ આપી છે. ગુજરાતના વિકાસમાં આ સમુદાયનો સિંહફાળો છે. આ કાર્યક્રમમાં ઝસ પણ હાજર હતા. ત્યાર બાદ તેઓ સીધા જ રાજભવન ગયા અને રાજીનામું આપ્યું હતું. ગુજરાતના પ્રદેશ પ્રમુખનો હોદ્દો સંભાળ્યો ત્યારથી સી આર પાટીલ આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૫૦ સીટ જીતાડવાના ટાર્ગેટની જાહેરાત કરતા રહ્યા છે. આઁ સ મોદીનું પણ સ્વપ્ન છે. આ સ્વપ્નને સાકાર કરવા ભાજપને આગામી ચૂંટણીમાં પાટીદાર સમાજના ટેકા વગર કોઈ પણ રીતે શક્ય નથી. જો કે હાલ પાટીદાર સમાજ ભાજપથી નારાજ છે, જેના સંકેત કોર્પોરેશન ચૂંટણી દરમિયાન સુરતમાં મળ્યો હતો. ભાજપે જૈન સમાજના રૂપાણીને હટાવીને પાટીદારને જ ગુજરાત સરકારના નવા સુકાની બનાવવાનો નિર્ણય લીધો હોવાનું મનાય છે. મનસુખ માંડવિયા સ્વિકૃત પાટીદાર નેતા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રણનીતિકાર અમિત શાહ બંન્નેની ગુડબુકમાં છે. કોરોના મહામારી દરમિયાન ગુજરાત ભાજપમાં સરકારની છબિ બગડે નહીં તે માટે માંડવીયાએ દિવસરાત એક કર્યા હતા. જો કે કોરોના કાળ દરમિયાન ગુજરાત સરકાર ખુબ જ વામણી સાબિત થઈ હતી. તેના કારણે ભાજપની છબી પણ ખરડાઈ હતી. આ ઉપરાંત પાટીદાર સમાજના કડવા અને લેઉઆ બંન્ને ફાટાઓમાં માંડવીયાની મજબુત પકડ છે. સ્વભાવે સરળ હોવાની સાથે સાથે તેઓ પ્રમાણીક નેતાની છબી ધરાવે છે. જેના કારણે પાટીદાર સિવાય અન્ય વર્ગોમાં પણ સ્વિકાર્યતા ધરાવે છે.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૭૦)

### વર્ષા જાની



જપ, તપ, ધ્યાન, પ્રાર્થના વગેરે એ શરીર શુદ્ધિ માટેના આયામો છે. આપણા દેશમાં અનેક સંપ્રદાયનાં લોકો રહે છે. વિધ વિધ ધર્મ સંપ્રદાયની વિચારધારા ધરાવતા લોકોથી ભારતદેશ ભરપુર છે. અનેક સંપ્રદાયનાં સંતો, ઋષિઓ, મહાત્માઓ દ્વારા જીવનોદ્ધારક પ્રેરણદાયી બોધપાઠ નું પીયૂષ પ્રાપ્ત થયું છે. ભગવાન મહાવીર જૈન સંપ્રદાયના ચોવીસમાં તીર્થંકર.

ભગવાન મહાવીર સ્વામીએ પોતાના એક વ્યાખ્યાનમાં કહેલું ક્ષમા એ વીરનું આભૂષણ છે. क्षमा वीरस्य भूषणम् । કેટલી ઉદારતા, કેટલી મહાનતા.. જે માણસ પોતાની સાથે દુર્વ્યવહાર કરનાર હોય એને ઉદાર દિલથી, મોટું મન રાખીને ક્ષમા કરવી એ કોઈ નાનું કાર્ય નથી. ક્ષમા આપનાર વ્યક્તિ મહાન સાબિત થાય છે. વીર પુરુષની ઉપમા આપવામાં આવી છે.

દરેક વ્યક્તિએ જીવનમાં અનુભવ્યું હશે કે પોતાની સાથે દુર્વ્યવહાર કરનાર કોઈ પણ પ્રકારની વ્યક્તિ હોય એને એ પોતે બહુ જલદી થી ક્ષમાં આપી શકતી હોતી નથી. ક્ષમા આપવામાં વ્યકિત ઉદારતા બતાવી શકતી નથી. કેમકે એનાં મનમાં સામે વાળી વ્યક્તિ માટે ભારોભાર ઘૃણા ભરેલી હોય છે. એટલા માટે જ તો એ બીજાને માટે ઉદારતા બતાવી શકતા હોતા નથી. આવી વિચારધારા પાછળ ઈર્ષા, દ્વેષ, અહંકાર અને જીદ જેવી બાબતો ગેરસમજદારીપૂર્વક કામ કરતાં હોય છે. તો ઘણીવાર કોઈ બીજાનો દોરી સંચાર પણ કારણભૂત હોય છે. કોઈના દોરવાયા દોરવાઈ જવું કે પોતાની વ્યક્તિગત રીતે જ એક પ્રકારે અંતરની વાત સાંભળીને ખુદે જ આત્મમંથન કરવું જોઈએ.

ક્ષમા આપનાર વ્યક્તિએ જીવનની એક નવી શરૂઆત કરી દીધી હોય છે. પોતાના જીવનમાં જે કંઈ અનુભવ્યું હશે. એ ભૂલીને સ્વ જીવનમાં એક નવી દિશા તરફ પ્રયાણ કરી રહ્યા હોય છે. એની અનુભૂતિ જ્યારે આપણે કોઈને પણ ઉદાર દિલથી ક્ષમા આપી દઈએ ત્યારે.. અને ત્યારે જ ખરાં અર્થમાં સાર્થક કરે છે. અને એ જ ખરો વીરતાનો ભાવ..વીરત્વનો ભાવ..

ગૌરીપુત્ર એવાં વિઘ્નહર્તા ગણપતિબાપા પણ રિદ્ધિ સિદ્ધિના અધિષ્ઠતા દેવ છે. ગણેશચતુર્થીનાં દિવસે લોકો ગણપતિજીની સ્થાપના કરે છે. પૂજન, અર્ચન, આરાધન કરી જીવનનાં કષ્ટ દૂર કરવા માટે બાપાને વિનવે છે. અનંતચૌદશનાં દિવસે ગણપતિ વિસર્જન કરવામાં આવે છે. ભક્તિમય, હર્ષ ઉલ્લાસ સાથે ભાવવિભોર બની લોકો બાપાને વિદાય કરે છે. અને આગળનાં વર્ષે જલદી જલદી ફરીથી પધારવા માટે ભાવભર્યું ઈજન પણ પાઠવે છે.

સવત્સરી અને ગણેશચતુર્થી બંને દિલ, આત્માની શુદ્ધિકરણ માટેના તહેવારો છે. મન, અંતરને અભિમાન, ઈર્ષા, રાગ દ્વેષ, મારાં તારાના વળગણ જેવાં કોરોના સામે સૅનેટાઈઝ કરીને જીવન શુદ્ધ અને પવિત્ર બનાવનારા આ તહેવારો છે. પૂર્વ ભવના કર્મોને કારણે માનવદેહ મળ્યો છે. કર્મ બંધનના ઓથાર નીચે અનેક આત્માઓનું મિલન થાય છે. ઈશ્વર દ્વારા જ ઋણાનુબંધનાં ભોગે એકબીજાનું મિલન, સહજીવન ગોઠવાયેલું હોય છે. બાકી એમાં ઈશ્વર કોઈને ચૉઈસ આપતાં હોતા નથી! કર્મોને કેમ ઉજાળવા, કઈ રીતે ઘડવા એ ખુદનાં હાથની બાબત છે.

વેરનું વિસર્જન.. પ્રેમનું સર્જન થાય એ જ ખરી જીવનભાવના.મિચ્છામિદુક્કડમ.

વર્ષા જાની
ભાવનગર
૧૨ સપ્ટેમ્બર,૨૦૨૧

# સદાબહાર સૂર - ૩૭

## અવિનાશ વ્યાસ

**સમય હશે ૨૦૧૩નોપત્યારે અખબારમાં એક સમાચાર પ્રગટ થયા હતા.**

જાણીતા ગીતકાર સંગીતકાર અવિનાશ વ્યાસની ૧૦૧મી જન્મજયંતી અને ૨૯મી પુણ્યતિથી નિમિત્તે ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય નાટક અકાદમી અને શહેરની સંસ્થા ગાથા દ્વારા સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે અવિનાશી અવિનાશ કાર્યક્રમ યોજાયો હતો. રવિવારે રાત્રે યોજાયેલા આ કાર્યક્રમમાં અવિનાશ વ્યાસના ગીતોની રજુઆત દ્વારા તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે પુરૂષોત્તમ ઉપાધ્યાયે કહ્યું હતું કે, "અવિનાશ વ્યાસે લખેલા ગીતો ફકત ગીતો જ નહી, પરંતુ તેમના જીવનની કહાની બયાઁ કરે છે. જેમાં તેમની અનેક રાતોના ઉજાગરા અને વર્ષોની મહેનત હતી. એમના શબ્દોના પ્રાસ અને લેખની એટલી મજબૂત કે જે વિષય પરનું ગીત હોય તેનો અનુભવ કરાવે જ !"

અવિનાશ વ્યાસ એવા એક ગીતકાર હતા જે હ્દયની લાગણીઓને સહજતાથી શબ્દદેહ આપી શકતા. મા અંબાજીની પરમકૃપા એમની પર હતી . આ પરમકૃપાનો સાક્ષાત્કાર આપણે એમની રચનાઓમાં અનુભવી શક્યા છીએ. એક વાત તો સૌએ સ્વીકારવી રહી કે ગીત-સંગીત કે કવિતાના કોઈ ક્લાસ કે ટ્યુશન નથી હોતા એ તો ઉપરવાળાની કૃપાથી ઉતરી આવે અને એ કૃપાથી અવિનાશ વ્યાસ સમૃદ્ધ હતા.ક્યારેક વિચાર આવે કે કોઈપણ જીવ જે ક્ષણે જન્મ લે છે ત્યારથી જ એની અંત તરફની યાત્રા પણ શરૂ થઈ જ જતી હોય છે ફક્ત એનો વિચાર ભાગ્યેજ કોઈ કરે પરંતુ કદાચ કોઈને આવનારા મૃત્યુનો અણસાર આવી જાય તો એ શું વિચારે?

કવિઓ, લેખકો, ગીતકારો જીવન વિશે તો લખે સાથે મૃત્યુ વિશે પણ ઘણું લખે છે.

કહે છે કે મૃત્યુ જેની સમજમાં આવી જાય એના માટે જીવન મહોત્સવ બની જાય. જેનામાં નખશિખ માનવતા ભરી હોય એ મૃત્યુને મહોત્સવ બનાવી શકે. અવિનાશ વ્યાસની માનવતા વિશે અનેક વાતો છે જેની વાત ક્યારેક ભવિષ્યમાં કરીશુ પણ આજે એ માનવતાની મૂર્તિ સમા ગીતકારે જીવનને કેવા તટસ્થભાવે જોયું હશે અને મૃત્યુ વિશે શું વિચાર્યું હશે એ જાણવાની જીજ્ઞાસા થાય છે તો એના જવાબમાં આ ગીત યાદ આવ્યુંપ

**હરિ તું ગાડું મારું ક્યાં લઈ**
**જાય કાંઈ ના જાણુ**
**ધરમ કરમના જોડ્યા**
**બળદિયા ધીરજની લગામ તાણુ,**

એક ધર્મ અને બીજું કર્મ એવા બે બળદને સહારે ચાલતું આ જીવનનું ગાડું ધીરજની લગામ થકી સુપેરે હાંકવા મથીએ પણ અંતે તો હરિ જે કરે એ જ સાચું એવી અપાર શ્રદ્ધા જેનામાં હોય એ સમજે છે કે આ જીવનમાં સુખ-દુઃખ તો દિવસ અને રાતની જેમ આવ્યાં જ કરવાનાં પણ હરિ જેમ કહે એમ કરવું બાકીનું પરહરવું. શબ્દો થોડા જુદા પણ નરસિંહ મહેતા પણ એ જ કહી ગયાને, " સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં..

અવિનાશ વ્યાસની વાતમાં કેટલી સાદગી છે, એ જીવનરથ નથી કહેતાં એ જીવનને ગાડું કહે છે. ન કોઈ ઠાઠમાઠ કે ઠઠેરો બસ સરળતાથી ચાલ્યા કરતું જીવન જે હરિને **મંજૂર હોય એમ જીવવાનું.**

**"સુખ ને દુઃખના પૈડા ઉપર**
**ગાડુ ચાલ્યુ જાય**
**કદી ઉગે આશાનો સૂરજ**
**કદી અંધારુ થાય**
**મારી મુજને ખબર નથી**
**કઈ ક્યાં મારું ઠેકાણું, કાંઈ ના જાણું.**

એથી આગળ અવિનાશ વ્યાસ જે વાત કરે છે એમાં જીવનના ગહન સત્યને સાવ સરળતાથી વ્યક્ત થતું સમજાય છે. સૌ જાણે છે એમ ક્યારે અને ક્યાંથી આવ્યા અને ક્યારે ક્યાં જવાના એની કોઈનેય ક્યાં ખબર છે? આ શરીર આપણા આત્માને ધરી રાખતું, સાચવતું એક પીંજર છે એ ક્યારે ઘસાતું જશે કે જૂનું થશે એની આપણને જાણ નથી ત્યારે હરિ જ્યાં જેમ દોરે એમ દોરાવું

**ક્યાંથી આવું ક્યા જવાનું**
**ક્યાં મારે રહેવાનું,**
**અગમ-નિગમનો ખેલ**
**અગોચર, મનમાં મુંઝાવાનું**
**હરતું ફરતું શરીર તો છે**
**પિંજર એક પુરાણું, કાંઈ ના જાણું**

શરીરને પીંજરું કહેતા અવિનાશ વ્યાસની એક આ રચના મને સૌથી વધુ સ્પર્શી છે. હ્દયને અડીને આજ સુધી રહી છે અને હંમેશા રહેશે.




**પંખીડાને આ પીંજરુ જૂનું**
**જૂનું લાગે**
**બહુ એ સમજાવ્યું તોયે**
**પંખી નવું પીંજરુ માંગે**
**ઉમટ્યો અજંપો એને,**
**પંડના રે પ્રાણનો**
**અણધાર્યો કર્યો મનોરથ**
**દૂરના પ્રયાણનો**
**અણદીઠે દેશ જાવા, લગન**
**એને લાગે**
**બહુએ સમજાવ્યું તોયે પંખી**
**નવું પીંજરુ માંગેપ**

કેમ લખ્યું હશે આ ગીત?

બહુ બધીવાર વિચાર આવતો કે એવું તો એમણે શું જોયું હશે, અનુભવ્યું હશે કે અંદરથી આવો અજંપો ઉમટ્યો હશે? મનમાં કેવા ભાવ ઉમટ્યા હશે ત્યારે આ રચના કરી હશે? એ કોઈને સમજાવવા મથતા હશે કે પછી પોતાની જાત સાથેની વાત હશે?

હા જો ઢળતી ઉંમર હોય, તન થાક્યુ હોય, મનમાં જીવવાની જીજીવિષા ન રહી હોય ત્યારે માણસને પોતાનો દેહ જર્જરિત પીજરા જેવો લાગવા માંડે ત્યારે એને નવા ક્લેવર ધારણ કરવાના, નવા પીજરામાં પૂરાવાના કોડ જાગતા હોય એ સમજી શકાય છે પણ ચારેકોર સુખની શૈયા હોય, સુંવાળું જીવન હોય એને ત્યજીને કોને આ અજાણી ભોમકાની વાટે જવાનું મન થયું હશે?

**સોને મઢેલ બાજઠિયો ને**
**રૂપે મઢેલ ઝૂલો**
**હીરે મઢેલ વીંઝણો મોતીનો**
**મોઘો અણમોલો**
**પાગલ ન બનીએ ભેરુ**
**કોઈના રંગ રાગે**
**બહુએ સમજાવ્યુ તોયે પંખી**
**નવુ પિંજરુ માંગે**

કશું ન હોવાની વ્યથા હોય તો સમજાય પણ બધુ અભરેભર્યું હોય તેમ છતાં જીવન પરથી મન ઊઠી જાય ત્યારે કેવો અજંપો મનને સતાવતો હશે ?અન્યની તો ખબર નથી પણ આજે થોડી હું અંગત થઈ રહી છું. સંથારો શબ્દ છે જેમાં વ્યક્તિ પોતાની આસપાસથી, આપ્તજનોથી માયા સંકેલવા માંડે ત્યારે એની જોડે રહેનારને આ પ્રશ્ન જરૂર થાય કે આટ-આટલી સુખ સાહ્યબી હોવા છતાં આ ઘર છોડીને અણદીઠે દેશ જાવાની તત્પરતા એનામાં કેમ આવી હશે?

આ રચના સાંભળું ત્યારે હંમેશા યાદ આવે છે મહાપ્રયાણની તૈયારી કરતી મારી માપએને જોઈ છે. ત્યારે થતું કે આમ ભરપૂર જીવન જીવતી વ્યક્તિને અચાનક બધું છોડવા વિચાર કેમ આવતો હશે?

અથવા જેણે ભરપૂર જીવન જીવી લીધું છે એના મનમાં કોઈ ઈચ્છાઓ બાકી નહી રહેતી હોય એટલે આવી સાહજિકતાથી માયા સમેટી શકતી હશે?

મારી મા અને એની અલિપ્તતાને જોતી ત્યારે અવિનાશ વ્યાસની આ રચના યાદ તીવ્રતાથી યાદ આવતી અને આજે આ રચના સાંભળું છું ત્યારે એના શબ્દોમાં મને એમાં મારી મા અનુભવાય છે.મહાપ્રયાણ કરવાની તૈયારી સાથે સમય પસાર કરતી વ્યક્તિની મનોવસ્થા જ્યારે આ રચનાના અંતિમ ચરણને સમજીએ ત્યારે સમજાય છે.

**જન્મ ધરીને પીંજરે જીવ્યા**
**હારોહાર**
**પણ જ્યાં સૂરજ માંડ્યો**
**ડૂબવા ત્યાં તૂટ્યો તંબૂરાનો તાર**
**અધૂરું ભજન સંગાથી**
**ઉમળકો ભાગે**
**પંખી વાણી ઓચરે આખર**
**જવું એક દાહડે**
**આ નથી નિજનું ખોળીયું**
**આ તો મકાન રાખ્યું ભાડે**
**પોઢવાને કાજે પાગલ સારી**
**રાત જાગે**
**બહુએ સમજાયું તોયે પંખી**
**નવુ પીંજરું માંગે....**

જેની હારોહાર જીવ્યા હોય એવી વ્યક્તિ વગર ભરી ભરી આ દુનિયામાં ખાલીપો સર્જાય, સઘળું વ્યર્થ થઈ જાય ને ત્યારે ભલેને પીંજરું સોનાનું હોય પણ એના પરથી મોહ છૂટી જાય.

આ લખી રહી છું ત્યારે ફરી શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે કહેલા આ શબ્દો આજે યાદ આવે છે અને એનું સત્ય સમજાય છે કે અવિનાશ વ્યાસની રચનાઓ જે વિષયને અનુલક્ષીને લખાઈ હોય એનો સીધો જ અનુભવ આપણને પણ થાય છે.




# ગુજરાતમાં સ્વમૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓએ દ્વારા નહિંવત ભાગ

ગાંધીનગર,તા.૧૧

શિક્ષણ વિભાગના ટાર્ગેટ પ્રમાણે ૩૭ લાખમાંથી ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લેવાનો હતો. પરંતુ આ ટાર્ગેટ કોઈપણ પ્રકારે પુરો થાય તેવું હાલના સંજોગોને આધારે જોતાં લાગતું નથી. હાલમાં રાજ્યના જૂનાગઢ અને નવસારી જિલ્લામાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકનમાં ભાગ લઈ રહ્યાં છે. જૂનાગઢ જિલ્લામાંથી ૫૮૫૫ અને નવસારી જિલ્લામાંથી ૫૦૦૧ વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો છે. આમ બંને જિલ્લામાં અનુક્રમે ૮.૯૧ ટકા અને ૮.૧૯ ટકા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. આ ઉપરાંત અમદાવાદમાંથી ૨.૯૭ ટકા વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો હતો. રાજ્યના ૧૦ જિલ્લામાં તો ૧ ટકા વિદ્યાર્થીઓએ પણ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો ન હોવાનું સામે આવ્યું છે.

જેમાં અરવલ્લીમાં ૦.૯૮ ટકા, દ્વારકામાં ૦.૮૩ ટકા, પાટણમાં ૦.૭૨ ટકા, કચ્છમાં ૦.૬૮ ટકા, નર્મદામાં ૦.૫૪ ટકા વિદ્યાર્થીઓએ જ સ્વમૂલ્યાંકનમાં ભાગ લીધો હોવાની ચોંકવનારી માહિતી પ્રકાશમાં આવી છે. આ આંકડાઓ પરથી વિદ્યાર્થીઓમાં વોટ્સએપ બેઝ્ડ સ્વમૂલ્યાંકન બાબતેની નિરસતા ઉડીને આંખે વળગે એમ છે.રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૩થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલા વોટ્સએપ બેઝ્ડ સ્વમૂલ્યાંકન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને રસ નહી હોવાનું સામે આવ્યું છે. ૪ સપ્ટેમ્બરથી ૧૦ સપ્ટેમ્બર સુધીમાં માત્ર ૧.૯૫ ટકા વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો છે. બાકીના ૯૮ ટકા વિદ્યાર્થીઓ એમાં જોડાયા નથી. શિક્ષણ વિભાગ દ્વારા ૪૦ ટકા વિદ્યાર્થીઓ આ મૂલ્યાંકનમાં ભાગ લે તેવો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. પરંતુ હાલમાં માંડ બે ટકા વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૩થી૧૦ના વિદ્યાર્થીઓ માટે વોટ્સએપ બેઝ્ડ સ્વમૂલ્યાંકન કાર્યક્રમ જાહેર કરાયો હતો. જેમાં સપ્તાહના શનિવારના રોજ ક્વિઝ મોકલવામાં આવતી હોય છે. જેના જવાબો એક સપ્તાહમાં આપીને વિદ્યાર્થીઓએ પોતાનું સ્વમૂલ્યાંકન કરવાનું હોય છે. જેમાં ૪થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન ખૂબજ નહિવત સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો હતો. સમગ્ર રાજ્યમાં ધોરણ ૩થી૧૦ના ૩૭.૯૪ લાખ વિદ્યાર્થીઓ પૈકી માંડ ૬૫ હજાર ૩૦૪ વિદ્યાર્થીઓએ આ મૂલ્યાંકનમાં ભાગ લીધો હતો.

# લોકોને આત્મહત્યા કરતા અટકાવવા માટે જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગરના સેક્ટર ૨૩ નાથીબા કોલેજમા પોલીસ અધિકારીઓની હાજરીમા વિદ્યાર્થીઓને આત્મહત્યા નિવારવા મુદ્દે કાર્યક્રમ યોજ્યો હતો. જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ કહ્યુ હતુ કે, કોરોનાકાળમા જીવન આસ્થા હેલ્પ લાઈનમા રોજના ૮૦થી ૯૦ હજાર કોલ આવી રહ્યા છે. જ્યારે તેના પહેલા કોલની સંખ્યા ખૂબ જ ઓછી હતી. જ્યારે મનોચિકિત્સક ગૌરાંગ થાનકીએ કહ્યુ હતુ કે, સફળતા હોય ત્યારે લોકોની સ્થિતિ જુદી હોય છે, પરંતુ જ્યારે તેજ વ્યક્તિને નિષ્ફળતા મળે છે ત્યારે તે હતાશ થઈ જાય છે. તેવા સમયે માનવીએ નિષષ્ફળતાનુ મેનેજમેન્ટ કરવુ જોઈએ. આનંદી વ્યક્તિનો એકા એક સ્વભાવ બદલાય તેવા સમયે આસપાસના લોકોને તેની નોંધ લેવી જોઈએ અને તેની સાથે વાતચિત કરી તેની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવો જોઈએ.

જીવન આસ્થા હેલ્પ લાઈનને હત્યાર સુધી ૮૦ હજાર કોલ મળ્યા છે. જેમા ૯૦૦ કોલ આત્મહત્યાના આવ્યા છે. હાલના સમયમા સૌથી વધારે અવરોધ મોબાઈલનો છે. વિદ્યાર્થીઓથી લઈને મોટેરાઓને મોબાઈલનુ વળગણ લાગ્યુ છે. પરંતુ અંગુઠો અડાડવાથી કારકિર્દી બનવાની નથી, પરંતુ તેનાથી દુર રહેવાથી કારકિર્દી બનશે. જિલ્લા પોલીસ વડાની કચેરીમાં આત્મહત્યા કરતા લોકોને અટકાવવા માટે જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ કરાયેલી છે. અત્યાર સુધી ૮૦ હજાર લોકોએ આત્મહત્યાનો વિચાર આવ્યા બાદ ફોન કર્યો છે.

# કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પણ બદલાઈ શકે છે

ગાંધીનગર ,તા.૧૧

મુખ્યમંત્રીના નામનો ફેરફાર કરવાનું માત્ર ચૂંટણીને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. ભાજપ ફરી ભાગલા પાડોનું ષડયંત્ર રચશે તેવી મને આશંકા છે. કોરોના મહામારીના સમયમાં રાજયની પ્રજાએ ખુબ સહન કરવાનો વારો આવ્યો છે. હાલની સત્તાધારી પાર્ટી લોકોને સુવિધા આપવામાં નિષ્ફળ નિવડી છે. અનેક દર્દીઓ એમ્બ્યુલન્સ, બેડ, રેમડેસિવિર ઈન્જેક્શન માટે તરફડી રહ્યા હતા. ઓક્સિજનના અભાવે અનેક પરિવારે પોતાના સ્વજનો ગુમાવવા પડ્યા છે. ભાજપા છેલ્લા ૨૦ વર્ષથી પ્રજામાં ભય, ભ્રમ ફેલાવી રહી છે. કોંગ્રેસ બાજપાની નીતિઓ સામે હંમેશા અવાજ ઉઠાવતુ રહ્યું છે, અને આ આંદોલન અમે આગળ ધપાવતા રહીશું. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજીના મા બાદ રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. ત્યારે ગુજરાતના રાજકારણ થી બીજા મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ભાજપના મુખ્યમંત્રીના રાજીનામા બાદ હવે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ બદલાશે તેવી પ્રબળ શક્યતા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, કોંગ્રેસ પણ આજે નવા પ્રદેશ પ્રભારીના નામની જાહેરાત કરી છે.

# ગાંધીનગરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ જિલ્લો જળબંબાકાર

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગરમાં મેઘરાજાએ વાદળોનાં ગળગળાટ વચ્ચે પધરામણી કરી દીધી છે. ઘણા ખરા વિસ્તારોમાં વરસાદ ધમાકેદાર બેટિંગ કરી રહ્યો છે જ્યારે અમુક વિસ્તારમાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલ બુધવારે સમગ્ર દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટનો અહેસાસ કરી રહ્યા હતા. અને સાંજ પડતાં વરસાદ શરૂ થયો હતો. તેમજ રાત્રીના આઠથી દસ વાગ્યા સુધીમાં મન મૂકીને મેહુલો વરસ્યો હતો. વરસાદે વિરામ લઈ લીધો હતો, જેમ જેમ દિવસ આગળ વધતો જઈ રહ્યો છે તેમ તેમ આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા છે. આકાશમાંથી વાદળોનો સ્પષ્ટ ગળગળાટની અનુભૂતિ કરી રહ્યા છે. બપોર એક વાગ્યાથી ગાંધીનગરમાં મેઘરાજાએ બેટિંગ શરૂ કરી દીધી છે. જેનાં કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે. થોડી થોડી વારે બંધ ચાલુ થતાં વરસાદના કારણે લોકો પણ બહાર નીકળતા અચકાઈ રહ્યા છે. જોકે, વરસાદી માહોલ સર્જાતા ગાંધીનગર સોળે કળાએ ખીલી ઉઠયું છે.

**ચેતના આવી ખટખટાવે રે બારણાં ઝરુખે**
**હેતે વધાવી એને લો રે ઓવારણાં ઝરુખે**

**સવાર -બપોર-સાંજ સજી રોજ ઝરુખે**
**કંકુ પગલાં પાડે સિંદૂરી સવાર ઝરૂખે !!**



**ગઝલ બેઠી રિસાઈ શબ્દો સંતાઈ ઝરુખે**
**માળામાં સૂતો ટહુકો નાગી પલગી ઝરૂખે**

**રિસાયેલ કિરણો બપોરે વરસાદ ઝરૂખે !!**
**પડછાયા થી ડરે આયનો હસ્તો ઝરૂખે**

**સંવાદી નૈનોમાં પલળ્યા ખ્વાબ ઝરૂખે**
**ઉગમણી કોરે પહોં ફાટી અજવાસ ઝરૂખે**

**સાંજ વળગી સૂર્ય બૂડે રાત પલળે ઝરુખે**
**ઝૂકી ડાળીએ ગઝલ મ્હેંકી નમણી ઝરૂખે**
**----રેખા શુક્લ**

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK